**મહામારીનું મહાસંકટ**

# રાજ્યમાં નવા ૧૯૧ કેસ : કુલ ૨૮૧૫ કેસ
# અમદાવાદમાં નવા ૧૬૯ કેસ : કુલ ૧૮૨૧

**રાજ્યમાં વધુ ૧૫ મૃત્યુ થતાં મૃત્યુઆંક ૧૨૭ : ૨૬૫ દર્દીઓ સ્વસ્થ થયા**

વિનતિ વિના રક્ષક નિજ જનના, દોષ તણા ગુણ જાણો, સ્મરણ કરતાં સંકટ ટાળો, ગણો ન મોટો નાનો

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૪૫ | ૨૫ એપ્રિલ, ૨૦૨૦, શનિવાર; વૈશાખ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ‘આત્મનિર્ભરતા’ કોરોનાનો બોધપાઠ છે : મોદી

**કોરોનાનો બોધપાઠ એ છે કે આપણે આત્મનિર્ભર બનવુ જ પડશે : દેશભરના સરપંચો સાથે મોદીની ચર્ચા : કોરોના કટોકટી વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં રહેલી સ્થિતિ અંગે સરપંચની પાસેથી મોદીએ માહિતી મેળવી : સરકારી યોજનાઓના લાભ સંદર્ભે માહિતી મેળવી : વડાપ્રધાને ઈ-સ્વરાજ અને ઈ-ગ્રામ સ્વરાજ એપ પણ લોન્ચ કરી : બે ફુટનું અંતર જાળવીને તમે વિશ્વને મહામારી સામે લડવાનો સરળ મંત્ર આપ્યો : મોદી**

નવીદિલ્હી, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય પંચાયતરાજ દિવસના અવસર પર દેશના સરપંચો સાથે વિડિયો કોન્ફરન્સિંગ મારફતે વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન મોદીએ કોરોના વાયરસને લઈને ઉભી થયેલી સ્થિતિ ઉપર ચર્ચા કરી હતી. સાથે સાથે સરપંચોને કેટલાક સવાલો પણ કર્યા હતા. કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ ગ્રામિણ લોકો કઈ રીતે લઈ રહ્યા છે તે અંગે પણ દેશભરના સરપંચોને મોદીએ સવાલ કર્યા હતા. બીજી બાજુ




સરપંચોને ગ્રામ પ્રધાનોએ તેમના વિસ્તારમાં કોરોના વાયરસને રોકવા માટે લેવામાં આવી રહેલા પગલા અંગે વડાપ્રધાનને માહિતી આપી હતી. વડાપ્રધાને સરપંચો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, કોરોના સંકટે પોતાનો સૌથી મોટો સંદેશ તમામ લોકોને આપી દીધો છે. તેના રસ્તા પર આગળ વધવાની દિશા પણ આપી છે. મોદી કહ્યું હતું કે, કોરોનાએ આત્મનિર્ભર બનવા માટેનો સંદેશ આપ્યો છે. આત્મનિર્ભર બન્યા વગર આ પ્રકારના સંકટોને પાર

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના મહામારીને નાથવા માટે પ્રોએક્ટિવ એપ્રોચ જરૂરી બન્યો

**રાજ્યોના આરોગ્યમંત્રીઓ સાથે હર્ષવર્ધનની વિડિયો કોન્ફરન્સ : ગુજરાતમાં કોરોનાને રોકવા ગુજરાત સરકારે લીધેલ વિવિધ પગલાઓ અંગે નીતિન પટેલે માહિતી આપી : પ્રોએક્ટિવ ટેસ્ટિંગથી ગુજરાતમાં કેસમાં વધારો**

અમદાવાદ, તા. ૨૪

કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષવર્ધને દેશમાં કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતિ વચ્ચે વાયરસના સંક્રમણને રોકવા માટે જુદા જુદા રાજ્યોના આરોગ્ય મંત્રીઓ સાથે આજે વાતચીત કરી હતી. સાથે સાથે રાજ્ય સરકારોએ

● અનુસંધાન પાન-૭ પર



## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૭૭૪૭૬૬ | ૧૯૪૪૩૪ | ૭૬૩૦૮૮ |
| ભારત | ૨૪૪૩૪ | ૭૮૦ | ૫૪૫૭ |
| ગુજરાત | ૨૮૧૫ | ૧૨૭ | ૨૬૫ |
| ગાંધીનગર | ૧૯ | ૦૨ | ૧૩ |

# લોકડાઉનથી કોરોના કેસ ગતિ પર આંશિક રોક

**લોકડાઉનને એક મહિનાનો ગાળો પૂર્ણ થયો : લોકડાઉન ન રહ્યું હોત તો કેસોની સંખ્યા લાખો થઇ હોત**

નવીદિલ્હી, તા. ૨૪

લોકાડાઉનની અવધિને એક મહિનાનો ગાળો પૂર્ણ થઈ ગયો છે. કેન્દ્ર સરકારે ૨૫મીથી દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી હતી. ૨૫મી માર્ચથી લોકડાઉનને અમલી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદથી ત્રણ સપ્તાહની અંદર જ લોકડાઉનની અવધિને લઈને ગણતરીનો દોર શરૂ થયો હતો. લોકડાઉનની અવધિ ૧૪મી એપ્રિલના દિવસે પૂર્ણ થઈ રહી હતી પરંતુ તેને વધારીને ત્રીજી મે કરી દેવામાં આવી હતી. કેન્દ્રની સાથે સાથે રાજ્ય સરકારોએ પણ કબૂલાત કરી હતી કે, લોકડાઉનની રચનાત્મક અસર થઈ છે અને તેનો ફાયદો થયો છે. ૧૧મી એપ્રિલના દિવસે આરોગ્ય મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું હતું કે, ૧૫મી એપ્રિલ સુધી આંકડો ૮.૨ લાખ સુધી પહોંચી ગયો હોત. તે દિવસે સંખ્યા ૭૪૪૭ જેટલી હતી. જુદા જુદા દાવા આને લઈને કરવામાં આવી રહ્યા છે. કોરોના સંકટનો સામનો કરવામાં કેન્દ્ર સરકાર સફળ રહી છે. આને લઈને એમ્પાવર્ડ ગ્રુપના ચેરમેન અને નીતિ આયોગના સભ્ય વીકે પાલે કહ્યું છે કે, કોરોનાના દર્દીઓની સંખ્યા બે ગણી થવાની રફતાર ઘટી ગઈ છે. લોકડાઉનના લીધે જ ફાયદો થયો છે. લોકડાઉન લાગૂ ન કરાયા હોત તો કોવિડના મામલા એક લાખ સુધી પહોંચી ગયા હોત. ભારતમાં આ સ્થિતિ હજુ કાબૂમાં છે. ૧૧મી એપ્રિલના દિવસે આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કહ્યું હતું કે, લોકડાઉનની જાહેરાત ન થઈ હોત તો ૧૫મી એપ્રિલ સુધી ભારતમાં કોરોના દર્દીઓની સંખ્યા ૮થી ૨૦ લાખ સુધી પહોંચી શકી હોત. લવ અગ્રવાલે ગ્રાફ મારફતે આ અંદાજ મુક્યો હતો. હવે ૧૨ દિવસ બાદ એમ કહેવામાં આવી રહ્યું છે કે, ૨૪મી એપ્રિલ સુધી એક લાખ સુધી સંખ્યા પહોંચી હોત. ભારતીય લોકો પણ માને છે કે, લોકડાઉનથી કોરોના પર બ્રેકની સ્થિતિ આવી છે.

## દિલ્હીમાં ચાર દર્દીઓ પર પ્લાઝમા થેરાપી સફળ થયાનો દિલ્હી સરકારનો દાવો

ન્યુ દિલ્હી,તા.૨૪

કોરોનાની મહામારી વચ્ચે દિલ્હીમાં પ્લાઝમા થેરાપીના સારા પરિણામ મળ્યા હોવાનો દાવો દિલ્હી સરકારે કર્યો છે.

દિલ્હીના સી એમ અરવિંદ કેજરીવાલે કહયુ હતુ કે, ચાર દર્દીઓ પર તેનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જેના સારા પરિણામ હાલમાં મળી રહ્યા છે. જોકે તેને હાલમાં કોરોનાની સારવાર તરીકે જોવાની જરુર નથી.

દિલ્હીની લોકનાયક હોસ્પિટલમાં આ ચાર દર્દીઓની સારવાર ચાલી રહી છે.


# અમદાવાદ-સુરત સહિત પાંચ શહેરોમાં સ્થિતિ ગંભીર

**થાણે, હૈદરાબાદ, ચેન્નાઈમાં પણ સ્થિતિ ચિંતાજનક બની : ચેન્નાઈ, કોઇમ્બતુર અને મદુરાઇમાં સંપૂર્ણ લોકડાઉનની તમિળનાડુની જાહેરાત : વધુ અસરગ્રસ્તોમાં ટીમો સક્રિય : ૮૦ જિલ્લામાં ૧૪ દિનમાં કોઇ કેસો નહીં**

નવીદિલ્હી, તા. ૨૪

કોરોના વાયરસના સંદર્ભમાં અનેક ચોંકાવારી વિગતો હવે સપાટી ઉપર આવી રહી છે. આજે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી કબૂલાત કરવામાં આવી હતી કે, અમદાવાદ સહિત પાંચ શહેરોમાં પરિસ્થિતિ ગંભીર બનેલી છે. હજુ સુધી ભારતમાં કોરોનાની સારવાર લીધા બાદ ૪૭૪૮ લોકો સ્વસ્થ થઈ ચુક્યા છે. કોરોના વાયરસના નવા કેસની વાત કરવામાં આવે તો કેસોની સંખ્યા ૧૬૮૪થી વધુ રહી છે જ્યારે કુલ કન્ફર્મ કેસોની સંખ્યા ૨૩૦૦૦થી ઉપર રહી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયમાં સંયુક્ત સચિવ લવ અગ્રવાલે માહિતી આપતા કહ્યું હતું કે, કોરોના વાયરસથી રિકવરી રેટ ૧૯.૮૯ ટકા રહ્યો છે. છેલ્લા ૨૮ દિવસમાં ૧૫ જિલ્લાઓમાં કોઈપણ કેસ નોંધાયો નથી. ધીમીગતિથી પરંતુ સ્થિરરીતે કોરોના સામે લડાઈ સફળતાપૂર્વક લડવામાં આવી રહી છે. રિકવરી રેટ ૨૦.૫૭ ટકા છે. છેલ્લા ૨૮ દિવસમાં જે વિસ્તારોમાં અથવા તો જિલ્લાઓથી કોઈ કેસ આવ્યો નથી તેમની સંખ્યા પણ ૧૫ જેટલી થઈ ગઈ છે. ઝડપથી ફેલાઈ રહેલી બિમારીને કાબૂમાં લેવામાં સફળતા મળી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર



## છેલ્લે... છેલ્લે...

- કોરોના સારવારમાં પ્લાઝમાના ઉપયોગની ગુજરાતની ઐતિહાસિક પહેલની દર્દીઓનો પ્રોત્સાહક પ્રતિભાવ
- કોરોના વૉરિયર્સ પર હુમલા કરનારાઓના ૯ કિસ્સામાં ૨૬ વ્યક્તિઓને પાસા હેઠળ જેલમાં મોકલાવાયા.
- પોલીસ અધિકારી મીની જોસેફ સહિત ૪૦ અધિકારીઓ કોરોનાગ્રસ્ત
- સુરત કોર્પોરેશનના અધિકારીઓ અને ફેરિયાઓ વચ્ચે ભારે ઘર્ષણ. અધિકારીઓ પર હુમલો કરાયો.
- અમદાવાદ નિર્ણયનગરમાં અનાજ દળવાની ઘંટી ચલાવતા વ્યક્તિનો કોરોના પોઝિટિવ આવતા સમગ્ર વિસ્તાર ચિંતામાં મુકાયો.
- તબલીગી જમાતના કારણે રાજ્યમાં કેસ વધ્યા હોવાનો મુખ્યમંત્રી વિજય રૂપાણીનો દાવો.
- દેશના સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૬૮૧૭ |
| ગુજરાત | ૨૮૧૫ |
| દિલ્હી | ૨૫૧૪ |
| રાજસ્થાન | ૨૦૩૪ |
| મધ્યપ્રદેશ | ૧૮૪૬ |
| તામીલનાડુ | ૧૭૫૫ |

## સૂર્યના કિરણોમાં કોરોના વાયરસનો ઝડપથી ખાતમો થાય છે: અમેરિકન વૈજ્ઞાનિકો

વોશિંગ્ટન,તા.૨૪

ગરમીમાં કોરોના વાયરસનો ખાતમો થાય છે કે નહી તેની ચર્ચાઓ વચ્ચે અમેરિકાના વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે, સૂર્યના કિરણોમાં વાયરસ જલદી ખતમ થાય છે. અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીના વૈજ્ઞાનિક સલાહકાર વિલિયમ બ્રાયને પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે, વૈજ્ઞાનિકોના એક જૂથને કોરોના વાયરસ પર સૂર્યના કિરણોનો શક્તિશાળી પ્રભાવ જોવા મળ્યો છે. ગરમીમાં તેનો પ્રસાર ઓછો થવાની શક્યતા છે. તેમણે કહ્યુ હતુ કે, નેશનલ બાયોડિફેન્સ એનાલિસિસી એન્ડ કાઉન્ટર મેઝર્સ સેન્ટરના સંશોધનમાં અમને અત્યાર સુધીમાં જોવા મળ્યુ છે કે, ૩૫ ડિગ્રીથી વધારે તાપમાન અને ભેજ સપાટી પર અને હવાલમાં વાયરસના જીવીત રહેવાની ક્ષમતા અડધી કરી દે છે. ૧૮ કલાક સુધી જીવતો રહી શકતો વાયરસ ગણતરીની મિનિટોમાં ખતમ થઈ શકે છે.

# દુનિયામાં કોરોનાનો મૃત્યુઆંક ૨ લાખની નજીક

નવી દિલ્હી,તા. ૨૪

કોરોના વાયરસે દુનિયાના દેશોમાં પ્રકોપ જારી રાખીને હાહાકાર મચાવેલો છે. મોત અને કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં જ કેસો અને મોતના આંકડામાં ઉલ્લેખનીય વધારો થઈ ગયો છે. દુનિયાના તમામ દેશો પોતાની રીતે કોરોના પર બ્રેક મુકવા માટેના પ્રયાસ કરી રહ્યા છે પરંતુ સફળતા મળી રહી નથી. સમસ્યા ગંભીર બની રહી છે. દુનિયાના દેશોમાં આર્થિક સ્થિતિ પણ ખરાબ થઈ રહી છે.

વિશ્વના દેશોમાં કોરોનાના કેસોની સંખ્યા હવે વધીને ૨૭૨૫૯૨૦ ઉપર પહોંચી ગઈ છે. જ્યારે મોતનો આંકડો વધીને ૧૯૧૦૬૧ સુધી પહોંચી ગયો છે. આ આંકડો હજુ ખુબ ઉપર જઈ શકે છે. કારણ કે નવા કેસો તો આવી જ રહ્યા છે. સાથે સાથે ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૮૬૭૬ રહેલી છે. જે ગંભીર સ્થિતીનો સંકેત આપે છે.

## અમેરિકામાં વધુ ૨૫૬૨નો ભોગ

વોશિંગ્ટન,તા. ૨૪

દુનિયાના સૌથી શકિતશાળી ગણાતા અમેરિકામાં કોરોનાના હાહાકાર જારી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં જ ૨૫૬૨ લોકોના મોત થઈ ગયા છે. આ ઉપરાંત કોરોનાના નવા ૩૭૬૧૭ કેસો સપાટી પર આવ્યા છે. આની સાથે જ દેશમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૮૮૬૭૦૯ ઉપર પહોંચી ગઈ છે. જ્યારે કોરોનાના કારણે અમેરિકામાં હજુ સુધી ૫૦ હજારથી વધારે લોકોના મોત થઈ ચુક્યા છે. અમેરિકી તંત્ર પણ ખતરનાક સ્વરૂપમાં રહેલા કોરોના સામે નિષ્ફળ સાબિત થઈ રહ્યુ છે. કોઈ પણ રીતે કોરાના પર અંકુશ મુકવામાં સફળતા મળી રહી નથી. તમામ પ્રયોગ યુદ્ધના ધોરણે થઈ રહ્યા હોવા છતા નિષ્ફળતા મળી રહી છે. અમેરિકામાં એક્ટિવ રહેલા કેસોની સંખ્યા ૭૫૦૫૪૪ રહી છે.